બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. જ્ઞાનને વિષે સ્થિતિ થાય ત્યારે શું થાય છે ? (પ્ર.૨૪/૩૭)**

જ. જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ નજરમાં આવતું નથી.

**૨. ચાર પ્રકારની નિષ્ઠા કઈ છે ? (પ્ર.૪૭/૮૯-૯૦)**

જ. ચાર પ્રકારની નિષ્ઠા : ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા, ભક્તિનિષ્ઠા

**૩. કયા અપરાધને ભગવાન માફ નથી કરતા ? પ્ર.૭૧ પ્રમાણે ઉત્તર લખો. (પ્ર.૭૧/૧૪૨)**

જ. ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા.

**૪. કોનું કલ્યાણ થવું અતિ કઠણ છે ? (પં.૭/૩૪૭)**

જ. ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. કોને એકાંતિક ભક્ત જાણવો ? (પ્ર.૧૯/૨૯)**

જ. ભગવાનના એકાંતિક ભક્તનો સમાગમ કરીને જે ભક્તને એ ચારે ગુણ અતિશય દૃઢપણે વર્તે છે તે ભક્તને સર્વ સાધન સંપૂર્ણ થયાં અને એને જ એકાંતિક ભક્ત જાણવો **અથવા** ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ.

**૨. શા માટે સર્વ પદાર્થમાંથી વાસના ટાળવી જોઈએ ? (પ્ર.૨૧/૩૪)**

જ. ભગવાનનું અતિશય માહાત્મ્ય યથાર્થ સમજીને ભગવાન વિના બીજા જે સ્ત્રી-ધનાદિક સર્વ પદાર્થ તેની જે વાસના તેને દેહ છતે જ ટાળી નાંખવી અને જો ભગવાન વિના બીજા પદાર્થમાં વાસના રહી ગઈ હોય ને તેનો દેહ પડે ને તેને ભગવાનના ધામમાં જાતે જો માર્ગમાં સિદ્ધિઓ દેખાય તો તે ભગવાનને મૂકીને સિદ્ધિઓમાં લોભાઈ જાય તો તેને મોટું વિઘ્ન થાય માટે સર્વ પદાર્થમાંથી વાસના ટાળીને ભગવાન ભજવા જોઈએ.

**૩. શ્રીજીમહારાજની સ્વાભાવિક પ્રકૃતિ શું છે ? પ્ર. ૩૭ પ્રમાણે લખો. (પ્ર.૩૭/૬૪-૬૫)**

જ. (૧) જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે. (૨) જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે. (૩) જેના હૃદયમાં ભગવાનની એવી નિષ્ઠા અચળ હોય ને તે ગમે તેટલાં શાસ્ત્ર સાંભળે અથવા ગમે તેનો સંગ કરે તો પણ પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહિ. (૪) એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ, અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ, અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ. **(નોંધઃ- આપેલ મુદ્દામાંથી કોઈપણ બે મુદ્દા લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.)**

**૪. ગ.પ્ર. ૪૪ પ્રમાણે કેવી સમજણ વિના દેશવાસના ટાળવી ઘણી કઠણ છે ? (પ્ર.૪૪/૮૩)**

જ. ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન, દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી. માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે ? અને આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશવાસના તે ટળવી ઘણી કઠણ છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **તીર અને તેનું ફળ (સારંગ.૭/૧૯૧) દૃષ્ટાંત :** જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય, તે જે પદાર્થમાં ચોંટાડે તે પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે અને પાછું કાઢ્યું પણ નીસરે નહીં, અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય ને પછી થોથું રહ્યું હોય તેનો ભીંતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે, પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોંટી જાય છે તેમ ચોંટે નહીં. તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઇન્દ્રિયો તે બૂઠિયો થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહીં અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ.

**સિદ્ધાંતઃ** અણી વગરનું બાણ પદાર્થમાં ચોટતું નથી. તેમ જ્યારે ઇન્દ્રિયો બૂઠિયો થઈ જાય તો વિષયમાં જાય નહિ. તે ઇન્દ્રિયો ક્યારે બૂઠિયો થઈ જાય? જ્યારે સંતનો સમાગમ મળે ત્યારે.

૨. **કીડિયારાનો રોગ (પ્ર.૧૮/૨૭) દૃષ્ટાંત :** જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય અને તેટલું અંગ જો તુરત કાપી નાંખે તો પંડે કુશળ રહે, તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય. તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજ્યો; અને આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું.

**સિદ્ધાંતઃ** અહીં મહારાજ કુપાત્ર જીવને કીડિયારાના રોગ સાથે સરખાવે છે. આ રોગની શરૂઆત થાય તે સાથે જ તેટલા અંગને કાપી ન નાખીએ તો આ રોગ સમગ્ર શરીરમાં ફેલાઈ જાય અંતે મૃત્યુ પણ થાય. માટે જેમ રોગીષ્ઠ અંગને કાપી નાખીએ છીએ. તેમ કુપાત્ર જીવને પણ સત્સંગની બહાર કાઢી મૂકવો પડે. મહારાજે જેમ હરબાઈ-વાલબાઈ તથા રઘુનાથદાસને સત્સંગમાંથી બહાર કાઢીને સત્સંગને બગડતો બચાવી લીધો હતો. તેમ જ તેવા કુપાત્ર જીવો ભલેને ગમે તેટલી સેવા કરતા હોય પ્રતિષ્ઠિત હોય તો પણ તેનો ત્યાગ કરવો જ જોઈએ તો જ મહારાજનો રાજીપો રહે છે.

૩. **શ્રીકૃષ્ણ ભગવાનની સોળ હજાર ને એકસો સ્ત્રીઓના દૃષ્ટાંતે જીવની મતિ. (પં.૩/૩૨૯-૩૩૦)**

**દૃષ્ટાંત :** ભગવાનના રૂપ કરતાં અધિક રૂપ, અધિક સ્પર્શ, અધિક રસ, અધિક ગંધ, અધિક શબ્દ તે બીજાને વિષે જણાય તો ભગવાનને મૂકીને તેને વિષે હેત થઈ જાય. જેમ સોળ હજાર ને એકસો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી. તેમણે બ્રહ્મા પાસે વર માગ્યો જે, 'હે મહારાજ ! અમે દેવ, દૈત્ય અને મનુષ્ય એ સર્વેનો સ્પર્શ કર્યો છે, પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ નથી કર્યો, માટે એવી કૃપા કરો જે, એ અમારા પતિ થાય.' પછી બ્રહ્માએ કહ્યું જે, 'તમે તપ કરો, તમારા પતિ નારાયણ થશે.' ત્યારે તેમણે ઘણું તપ કર્યું. પછી તેમની ઉપર અષ્ટાવક્ર ઋષિ તથા નારદમુનિ તે પણ પ્રસન્ન થયા ને વર આપ્યો જે, 'તમારા પતિ નારાયણ થશે.' એવી રીતે જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી, પણ જો ભગવાન કરતાં સાંબને વિષે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી. **સિદ્ધાંત :** જેની એક મતિ ન રહેતી હોય તેને પંચ ઈન્દ્રિયોના વિષયના સુખસંબંધે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી તે ઠીક નથી.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. પર્વતભાઈએ દાળિયા ફાકીને મહારાજની મૂર્તિનું જ સુખ લીધું. (પ્ર.૨૦/૩૧, પ્ર.૪૪/૮૨)**

**સંદર્ભ : (૧)** જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે અને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો ને ન દીઠું ? અને એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દષ્ટિ કરીને જાય છે, પણ પોતે પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દષ્ટિ કરતો નથી. અને જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે. **(૨)** 'અને સ્નેહ તો એનું નામ જે, ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે અને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે. એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું. **સમજૂતિ :** પર્વતભાઈએ ખાવા-પીવાનો વિચાર છોડીને કેમ કરીને મહારાજની મૂર્તિનું સુખ વધારે મળે તેનો જ વિચાર કરીને અમલ કર્યો. તો તેમને મહારાજની મૂર્તિનું અધિક સુખ મળ્યું ને મહારાજે પણ કહ્યું : 'અમારા એવા સત્સંગી તો પર્વતભાઈ અને ગોરધનભાઈ છે.' આમ મહારાજની માળાના મણકામાં આવી ગયા.

**૨. શ્રીજીમહારાજ કહેતા, 'નાથભક્ત બુદ્ધિશાળી અને દીવાનજી મૂર્ખ છે.' (પ્ર.૫૦/૯૪)**

**સંદર્ભ :** કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં, માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા. અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. **સમજૂતિ :** નાથભક્ત દીવાનજી કરતાં ઓછી બુદ્ધિવાળા હતા પણ પોતાના જીવનું કલ્યાણ કઈ રીતે થાય તે સારી રીતે સમજતા હોવાથી તેમણે પોતાના જીવનું કલ્યાણ થાય તેવો માર્ગ અપનાવ્યો. દીવાનજી આખા રાજ્યનું કારભારું કરતાં એટલા બુદ્ધિશાળી હોવા છતાં પોતાનું કલ્યાણ ક્યાં અને કેવી રીતે થાય. તે સમજી શક્યા નહિ. તેથી મહારાજને વૈરભાવે જ જોતાં અને તેમને મારવાના પ્રયત્નમાં લાગ્યા રહ્યા તો કલ્યાણ ખોયું. માટે શ્રીજીમહારાજ કહેતા, 'નાથભક્ત બુદ્ધિશાળી અને દીવાનજી મૂર્ખ છે.'

**૩. એનાં નેણમાં નાથનાં નેણ સંત તે સ્વયં હરિ.. (પ્ર.૨૭/૪૬)**

**સંદર્ભ :** એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે; અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે, એમ એ સંતની સર્વ ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. **સમજૂતિ :** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર હતા. મહારાજ તેમનામાં સમ્યક પ્રકારે રહીને કાર્ય કરે છે. જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય તે ન્યાયે જેટલામાં રાજાનો હુકમ ચાલે

તેટલામાં રાણીનો હુકમ પણ ચાલે. માટે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'હું મારી ચૈતન્ય શક્તિ ખેંચી લઉં તો આખું જગત ગંધાઈ ઊઠે.'

૪. **૧૯૮૮માં પ્રમુખસ્વામી મહારાજે લંડનના યુવકોને કહેલું, 'આપણે ઠાકોરજી પાસે ઊંચે આસને ન બેસાય.' (પ્ર.૬૮/૧૩૪)**

**સંદર્ભ :** તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે; તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ, અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ. **સમજૂતિ :** શાસ્ત્રે બાંધેલી મર્યાદા પ્રમાણે જ રહેવું જોઈએ. ભગવાન અને ભગવાનના સંત આગળ હંમેશા મર્યાદા રાખવી જોઈએ. તેણે કરીને જ ભગવાનનો નિશ્ચય દૃઢ થાય છે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. 'અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમ જ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઇત્યાદિક સર્વે ઇન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે, અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે, અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે.' (પ્ર૨૦/૩૦-૩૧)

૨. 'અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે, તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી અને કોટિ કલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી.' (પ્ર૧૮/૨૮)

૩. 'તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.' (પ્ર.૨૪/૩૯)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ નવી આવૃત્તિના આધારે**

**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા પરિશિષ્ટ - ૨, ૩ ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ, ઉદ્‌ગીથ અને પાના નંબર દર્શાવે છે (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. નીલકંઠવર્ણીની કલ્યાણભાવના ('દિવ્ય વનવિચરણ' થી 'નેપાળમાં' સુધીના જ પ્રસંગો)**

| | | |
|---|---|---|
| ૧. | વનની વિકટ વાટમાં ગામ લોકોને ઉપદેશ (અમરપુરથી આગળ જતાં) | ૧/૭/૧૦૬ |
| ૨. | લોધેશ્વરમાં ભાવિકોને ઉપદેશ કરી સંસાર સાગર તરવાનો ઉપાય બતાવ્યો. | ૧/૭/૧૦૭ |
| ૩. | પથેપુરમાં મુમુક્ષુઓને ઉપદેશ આપી પોતાના સંબંધથી ભવબંધનના બંધ છોડાવતા. | ૧/૭/૧૦૭ |
| ૪. | ખેરિલાપુરમાં નૈમિષારણ્ય સરોવરને કાંઠે તપ કરતાં ઋષિઓને તપશ્ચર્યાના ફળરૂપે દર્શન દીધા. | ૧/૭/૧૦૭ |
| ૫. | 'અમે તો અનંત જીવોનાં કલ્યાણ કરવા જ ગૃહત્યાગ કર્યો છે' બરેલીમાં પનિહારીઓને. | ૧/૭/૧૧૦ |
| ૬. | 'અનેક યુગના તમારા તપથી તમારા ઉપર પ્રસન્ન થઈ તમારું આત્યંતિક કલ્યાણ કરવા આ સમયે હું પ્રગટ થયો છું' - તપોવનમાં ઋષિઓને. | ૧/૭/૧૧૪ |

| | | |
|---|---|---|
| ૭. | શ્રીપુરના મઠની બહાર રાત્રે આવેલા કેસરી સિંહનું કરેલું કલ્યાણ. | ૧/૭/૧૧૬-૧૧૮ |
| ૮. | 'મારે તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું છે' - શ્રીપુર મઠના મહંતને. | ૧/૭/૧૧૯ |
| ૯. | કેદારનાથમાં યાત્રિકોના સમૂહનું કલ્યાણ કરવા વર્ણી થોડા દિવસ રહ્યા. | ૧/૭/૧૨૧ |
| ૧૦. | માન સરોવરના હંસોને પાંચ દિવસ સુખ આપી, પશ્ચિમમાં આવવાનો આદેશ આપી કરેલું કલ્યાણ. | ૧/૮/૧૩૦ |
| ૧૧. | પંજાબના રાજા રણજિતસિંહને હરિદ્વારમાં હરકી પૈડી પર આપેલો ઉપદેશ અને આશીર્વાદ. | ૧/૮/૧૩૨-૧૩૩ |
| ૧૨. | હરૈયા ગામે હલવૈની વૃદ્ધ માને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપી કલ્યાણ કર્યું. | ૧/૮/૧૩૬-૧૩૭ |
| ૧૩. | વંશીપુરના રાજા, રાણી અને કુંવરીઓ ઈલા અને સુશીલાનું કરેલું કલ્યાણ. નીલકંઠવર્ણીના ઉપદેશથી રાણીને થયેલી બ્રહ્મની અનુભૂતિ. | ૧/૯/૧૪૨ |
| ૧૪. | જાણે-અજાણે પણ જે જે જીવો અમારા સંબંધમાં આવશે તે આત્યંતિક કલ્યાણના અધિકારી બની જ જશે. - હિમગિરિને (હિમાલયને) | ૧/૧૦/૧૫૦-૧૫૧ |
| ૧૫. | પાંચસો વૈરાગીઓને અક્ષરધામના અધિકારી થશો તેવા આશીર્વાદ. | ૧/૧૦/૧૫૨-૧૫૩ |
| ૧૬. | પોતાના જનના કલ્યાણ માટે ઉગ્ર તપ (પુલહાશ્રમમાં) | ૧/૧૦/૧૫૫-૧૫૬ |
| ૧૭. | કઠારી તોડીને મોહનદાસના મોહનો ભંગ કરી પોતાનામાં વૃત્તિ જોડી. | ૧/૧૦/૧૬૧ |
| ૧૮. | ગોપાળયોગી પાસે શંખનાદ કરાવી ગોવાળોની ગાયોની રક્ષા કરી. ગોપ બાળકોમાં પોતાના તરફ ભક્તિભાવ કર્યો. | ૧/૧૦/૧૭૩ |
| ૧૯. | ગોપાળયોગીને દેહભાવની વિસ્મૃતિ કરાવી પોતાનામાં વૃતિ સ્થિર કરાવી દેહત્યાગ કરાવી કલ્યાણ કર્યું. | ૧/૧૦/૧૭૪ |
| ૨૦. | ઉત્તર કાશીમાં (પોખરામાં) મુમુક્ષુ પંડિતને અભયદાન આપ્યું. | ૧/૧૦/૧૭૫ |
| ૨૧. | આદિવારાહ તીર્થમાં પુરજનોની મુમુક્ષુતા જોઈ નીલકંઠે મનુષ્યના ધર્મ સમજાવ્યા. | ૧/૧૦/૧૮૦ |
| ૨૨. | કૃતઘ્ની સેવકરામ | ૧/૧૩/૨૩૦ |
| ૨૩. | જીઅર સ્વામી : નીડરતાપૂર્વક રજૂઆત. | ૧/૧૩/૨૪૦ |
| **૨.** | **નીલકંઠવર્ણીનું વ્યક્તિત્વદર્શન ('પૂર્વ બંગાળમાં' થી 'દક્ષિણની યાત્રા' સુધીના જ પ્રસંગો)** | |
| ૧. | સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠના દર્શન થતાં જ સર્વે વૃત્તિઓ શાંત થઈ ગઈ. | ૧/૧૧/૧૮૨ |
| ૨. | કામાક્ષી મંદિરના સિદ્ધોને અંતરમાં એક પ્રકારની બીક લાગી. | ૧/૧૧/૧૯૨-૧૯૩ |
| ૩. | પિબૈકના જ્ઞાનચક્ષુઓ ખૂલી ગયાં - પૂર્વજન્મનું જ્ઞાન - નારાયણસ્વરૂપનું દર્શન - વૈષ્ણવી જીવન જીવવાનો આદેશ વર્ણીએ આપ્યો. | ૧/૧૧/૧૯૬-૧૯૭ |
| ૪. | નવલખા પર્વત પાસેના જંગલના પ્રવેશદ્વાર આગળના ચોકીદારોએ નીલકંઠનું દર્શન અને અવાજમાં તેમની સંકલ્પ શક્તિનું બળ જોતાં હાથ જોડી દીધાં - મૂર્તિમાન પર્વત - ચરણકમળમાં પ્રણિપાત કરી બે હાથ જોડી સ્તુતિ કરી. | ૧/૧૧/૧૯૮ |
| ૫. | આપની મોટાઈ આગળ અમે શુદ્ર છીએ. નવલાખ સિદ્ધો પર પ્રભાવ. | ૧/૧૧/૧૯૯ |
| ૬. | બાલવાકુંડમાં દર્શને આવતા ભાવિકોને નીલકંઠવર્ણીની સિદ્ધિઓ જોઈ આશ્ચર્ય થતું. | ૧/૧૧/૨૦૦ |
| ૭. | કપિલાશ્રમમાં આવતા યાત્રિકોને ધ્યાનસ્થ યોગની સ્થિતિમાં નીલકંઠવર્ણીને જોઈ ભ્રાંતિ થતી કે સાક્ષાત્ કપિલમુનિ અહીં બેસી ગયા છે ? | ૧/૧૧/૨૦૧ |
| ૮. | જયરામદાસ તથા તેના માતા-પિતા પોતાના સ્વરૂપનું ભાન ભૂલી ગયા. | ૧/૧૧/૨૦૪ |
| ૯. | જયરામદાસે ભરેલ અવેડામાં જંગલી પ્રાણીઓ તથા બીજાં પ્રાણીઓ પોતાના જાતિ, સ્વભાવ ભૂલીને પાણી પીવા લાગ્યા. - જયરામદાસનું અંતઃકરણ વર્ણી પ્રત્યે વિશેષ ને વિશેષ ખેંચાતું ગયું. | ૧/૧૨/૨૧૦ |
| ૧૦. | જગન્નાથજીના મંદિરના પૂજારીને નીલકંઠની શ્રદ્ધા-ભક્તિ જોઈને ભાવ થયો. | ૧/૧૨/૨૧૨ |
| ૧૧. | નીલકંઠવર્ણીની વાત સાંભળતા જગન્નાથપુરીના રાજા ચાલીને દર્શને આવ્યા. | ૧/૧૨/૨૧૪ |
| ૧૨. | રથયાત્રાના પ્રસંગે રાજાએ નીલકંઠને પણ સુંદર શણગારેલા રથમાં બેસાર્યા. | ૧/૧૨/૨૧૬-૨૧૭ |
| ૧૩. | 'આ કોઈ જુદી માટીના મહાપુરુષ છે.' માનસપુરના માળીને થયેલો અનુભવ. | ૧/૧૩/૨૨૩ |

૧૪. માનસપુરના રાજા : 'કાં શિવજીમાં આવી યોગસિદ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય !' ૧/૧૩/૨૨૪
૧૫. પૂનામાં બાપુ ગોખલેને નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં અનિર્વચનીય શાંતિનો અનુભવ થયો. ૧/૧૩/૨૪૭
૧૬. જનાબાદમાં શિવભક્ત વિપ્રને નીલકંઠવર્ણીમાં થયેલી શિવજીની અનુભૂતિ. ૧/૧૩/૨૪૯
૧૭. બુરાનપુરના વણિક શિવાશા અને ગોવિંદ શેઠ નીલકંઠવર્ણીના સ્વરૂપથી આકર્ષાઈ પોતાને ઘેર લઈ જાય છે. ૧/૧૩/૨૫૧

**૩. કચ્છનો સત્સંગ**

૧. શ્રીહરિ સાથે કચ્છના ભોમિયા લાલજી સુથાર ૨/૬/૬૪-૭૨
૨. લાલજી ભક્ત નિષ્કુળાનંદ બને છે. ૨/૬/૭૨-૭૬
૩. ભૂજમાં સુંદરજી સુથારને ઘેર ૨/૬/૭૬-૭૭
૪. કૃપાનંદ સ્વામી અને વીરભદ્રાનંદ સ્વામી ૨/૬/૭૭-૭૯
૫. આજ સુદર્શનચક્ર ઘરોઘર આપ્યું છે. ૨/૬/૭૯
૬. લાધીમાને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય. ૨/૬/૭૯-૮૧
૭. માનકૂવામાં આદાભાઈને સત્સંગ. ૨/૬/૮૧-૮૨
૮. તારી સાત પેઢીમાં કોઈને અમે સાધુ કરવાના નથી. ૨/૬/૮૨
૯. શ્રીહરિ વર બની પોંખાયા. ૨/૬/૮૨-૮૩
૧૦. રામપરમાં શ્રીહરિનું વર્ણીરૂપે દર્શન ૨/૬/૮૩-૮૪
૧૧. કચ્છની રાજકીય પરિસ્થિતિ ૨/૬/૮૪-૮૫
૧૨. ભૂજમાં હરિજયંતીનો ઉત્સવ - કચ્છમાં વિચરણ. ૨/૬/૮૫-૮૭

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. શ્રીહરિએ કરેલા જીવનપરિવર્તન ('રામાનંદ સ્વામીનું તિરોધાન' થી 'રામ, લક્ષ્મણ, જાનકીની મૂર્તિઓ પધરાવવાનો નિષેધ' સુધીના જ પ્રસંગો)**

૧. 'સ્વામિનારાયણ'નું ભજન શરૂ કરાવ્યું. ૧/૧૯/૩૮૭-૩૯૧
૨. શીતળદાસમાંથી વ્યાપકાનંદ સ્વામી ૧/૧૯/૩૯૩
૩. ઉમિયાશંકર બ્રાહ્મણ કર્મકાંડી - તેને શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન. ૧/૨૦/૩૯૯
૪. મેઘજિતનું પરિવર્તન. ૧/૨૧/૪૧૪-૪૧૭
૫. મગનીરામમાંથી અદ્વૈતાનંદ સ્વામી ૧/૨૧/૪૨૪-૪૨૯
૬. દીવબંદરના વણિકના મનમાં ઉઠેલા તમામ સંકલ્પો બાળક દ્વારા બોલાવ્યા. - પ્રભાનંદ સ્વામી. ૧/૨૨/૪૩૮
૭. મુક્તાનંદ સ્વામીનું પરિવર્તન - જય સદ્‌ગુરુ સ્વામી..... આરતીની રચના. ૧/૨૨/૪૪૪-૪૪૫
૮. ભાટ કરસનજી પાસે કુરાનના કલમા પઢાવી ફકીરનું પરિવર્તન કર્યું. નિયમો આપ્યા. ૧/૨૨/૪૫૬-૪૫૭

**નોંધ : આ પધ્ધતિ પ્રમાણે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં ઉપર આપેલા પ્રસંગો જ માન્ય ગણાય પણ આ પધ્ધતિ પ્રમાણે પ્રથમ વખત જ પ્રશ્ન પૂછાતો હોવાથી પરીક્ષાર્થીએ નીચે આપેલા પ્રસંગોમાંથી પણ કોઈ પ્રસંગો લખ્યા હોય તો તેને માન્ય રાખી પૂરા ગુણ આપવા.**

૧. મીન સરોવર પર માછીમારને અહિંસાનો બોધ - માછીમારનું પરિવર્તન ૧/૩/૩૫-૩૬
૨. હનુમાનગઢીમાં બાવા મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો. - બાવાનો પશ્ચાત્તાપ ૧/૪/૬૫-૬૬
૩. 'અમે જોગીને તમે ભોગી. બંનેનો સ્વભાવ કેમ મળે ?' બદરીનાથમાં નીલંકઠવર્ણીની ટકોર સાંભળી રાજા રણજીતસિંહ રાજાશાહી સાજનો ત્યાગ કરી પગપાળા હરકી પેડી પર નીલકંઠવર્ણીને મળવા ગયા. ૧/૮/૧૩૨-૧૩૩
૪. કઠારી તોડી મોહનદાસના મોહનો ભંગ કરી અજ્ઞાનનું ભાન કરાવ્યું. ૧/૧૦/૧૬૧
૫. કાઠમંડુના રાજા રણબહાદુરને ઉપદેશ આપી અંતઃકરણ બદલ્યું. તેનું પેટશૂળ મટાડી, બંદીખાને પડેલા સાધુઓને મુક્ત કરાવ્યા. ૧/૧૦/૧૭૮-૧૭૯

૬. કાળપુરુષનું દાન લેનાર બ્રાહ્મણને 'તૃષ્ણા ત્યાગ'નો ઉપદેશ આપી તેની શ્યામતા દૂર કરી. ૧/૧૧/૧૮૮
૭. વડોદરામાં અમીચંદની પત્નીએ નીલકંઠની પ્રસાદીની ખીચડી ને ઘી જમતાં મિથુની ગ્રંથિ ઓગળી ગઈ.૧/૧૪/૨૬૦
૮. 'આજ તમે મને ખરો માણસ બનાવ્યો. માનવીના ધર્મ હું ચૂક્યો હતો.'- શીકોતરના આરે લાખો કોળી. ૧/૧૪/૨૮૦
૯. લખુ ચારણને ત્યાં ત્રણ માસ રોકાઈ વિશિષ્ટાદ્વૈત મતની સત્યતા સમજાવી. લખુએ વિશિષ્ટાદ્વૈત મતનો સ્વીકાર કર્યો. ૧/૧૫/૨૯૯
૧૦. લોજના આશ્રમમાં સ્ત્રી-પુરુષની સભા નોંખી કરાવી. ૧/૧૬/૩૨૨
૧૧. આશ્રમની દીવાલનું છિદ્ર પુરાવી દીધું. ૧/૧૬/૩૨૩
૧૨. 'બીજાના નાડી-પ્રાણ ખેંચે કે ન ખેંચે પણ આ જરૂર ભગવાન છે.' ગજા ગઢવીએ વર્તમાન લીધાં. થોડા વખતમાં પૂર્ણાનંદ સ્વામી બન્યા. ૨/૩/૩૮
૧૩. લાલજી ભક્ત નિષ્કુળાનંદ સ્વામી બને છે. ૨/૬/૭૨-૭૬
૧૪. 'એવું જ્ઞાન મારામાં નથી પણ તમે ભગવાન છો તે સાચું.' માનકૂવામાં આદાભાઈને સત્સંગ. ૨/૬/૮૧-૮૨
૧૫. 'દર્શન મૂકી સ્વાદમાં આસક્ત થવું તે ભગવાનના ભક્તને ખોટ કહેવાય. સ્વાદ તો ભગવાનની મૂર્તિનો. ડુંગરજીભાઈએ આ પ્રકારના માનસિક યોગનો આરંભ કર્યો. ૨/૩/૮૩

**૨. ઘનશ્યામે કરેલો અસુરોનો પરાભવ**

૧. કાલીદત્તનું કૃત્ય-ઘનશ્યામનો નાશ કરવા કૃત્યાઓ મોકલી - કૃત્યાઓ શ્રીહરિની દૃષ્ટિ ઝીલી ન શકી. ૧/૩/૨૫-૨૬
૨. કાલીદત્તનો કોપ-ઘનશ્યામની આંખોમાંથી નીકળતા તેજથી તેના શરીરમાં બળતરા ઊપડી-ઝાડ નીચે ચગદાયો. ૧/૩/૩૨-૩૪
૩. મલ્લોના અખાડામાં મલ્લ કુસ્તી - બ્રાહ્મણ મલ્લનો પરાભવ. ૧/૬/૮૮
૪. જીવોના કલ્યાણ માટેના વનવિચરણની શરૂઆતે જ અસૂરે મારી નાખવાના ઈરાદાથી ઘનશ્યામને સરયૂ નીરમાં ફંગોળ્યો - હર્ષના ઉન્માદમાં ઝાડ સાથે અથડાઈને મૃત્યુ પામ્યો. ૧/૬/૯૮-૯૯

**૩. 'અમે માનવી નથી' નીલકંઠવર્ણીની યાત્રામાં સાર્થક થતી ઉક્તિ ('ભાગવત ધર્મ પ્રસારણનું પ્રાંગણ'ના જ પ્રસંગો)**

૧. પીપળી ગામના ક્ષત્રિય ગુલાબસિંહને વર્ણીની રસોઈની ક્રિયા, ઠાકોરજીને નૈવેધ ધરવાની ક્રિયા અને જમવાની ક્રિયા બીજા કરતાં જુદી જ ભક્તિ ભાવવાળી લાગી. ૧/૧૪/૨૫૬
૨. અંબાલીના રાજબાઈ : જે સ્વરૂપને પામવા તે ઇચ્છતી હતી, તે જ સ્વરૂપની પ્રાપ્તિની અનુભૂતિ. ૧/૧૪/૨૫૭
૩. માંડવીના દરવાજે (વડોદરામાં) લોકોના ટોળાના ઉદ્‌ગારો 'આપ કાંઈ જુદા દેખાઓ છો.' ૧/૧૪/૨૫૯
૪. અમીચંદની સ્ત્રીની વાસનાની બદબો દર્શન માત્રથી ટળી ગઈ. ૧/૧૪/૨૬૦-૨૬૧
૫. 'તારો દેહ ત્યાં સુધી રાખવો તે અમારા હાથમાં છે' અમીચંદને વર્ણીમાં ભગવાનની શક્તિનો અનુભવ. ૧/૧૪/૨૬૧
૬. નાવલીના લાલદાસને નીલકંઠને જોતાં જન્મજન્માંતરની કોઈ અતૃપ્ત ઇચ્છા આજે જાણે તૃપ્ત થતી હોય તેવો આનંદ. ૧/૧૪/૨૬૨
૭. ખોડા પંડ્યાનું નામ વર્ણીએ દીધું - તેથી તેમને પરમેશ પધાર્યાની ખાતરી થઈ. ૧/૧૪/૨૬૩-૨૬૪
૮. ડાકોરના રણછોડજીને નીલકંઠવર્ણી સાથે રહેવાનું મન થઈ ગયું. ૧/૧૪/૨૬૪
૯. ઉમરેઠના રૂપરામ ઠાકરને નીલકંઠવર્ણીની આંખોમાં હરિની વત્સલતા દેખાઈ. ૧/૧૪/૨૬૫
૧૦. વડતાલના જોબનપગીએ દર્શન કરતાં જ તેનામાંથી ક્રૂરતાનું કલેવર ઓગળી ગયું. ૧/૧૪/૨૬૬-૨૬૭
૧૧. નીલકંઠવર્ણીના દર્શન કરતાં જ બોચાસણના નાનીબાના દૈવી સંસ્કારોથી એમનું અંતઃકરણ જાગૃત થઈ ગયું. ૧/૧૪/૨૭૦

**નોંધ : આ પધ્ધતિ પ્રમાણે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં ઉપર આપેલા પ્રસંગો જ માન્ય ગણાય પણ આ પધ્ધતિ પ્રમાણે પ્રથમ વખત જ પ્રશ્ન પૂછાતો હોવાથી પરીક્ષાર્થીએ નીચે આપેલા પ્રસંગોમાંથી પણ કોઈ પ્રસંગો લખ્યા હોય તો તેને માન્ય રાખી પૂરા ગુણ આપવા.**

૧. શ્રીપુરમાં - 'મૃત્યુથી ડરીને સંતાઈ જવાથી મૃત્યુ રોકાતું નથી. હું તો અહીં જ સૂઈ રહીશ.' ૧/૭/૧૧૭
૨. 'અમે માનવી નથી. અમારો સંકલ્પ દૃઢ છે. તમે રસ્તો બતાવો.' હિમગિરિમાં જવાની ના પાડતા બદરીનાથના પૂજારીને નીલકંઠવર્ણી. ૧/૭/૧૨૪

૩. હિમગિરિમાં આવેલા શીતળ જળના સરોવરમાં સ્નાન કરનાર બરફની શિલા બની જાય. ત્યાં નીલકંઠવર્ણીએ કરેલું સ્નાન. ૧/૮/૧૨૬

૪. 'આપનાથી અમને જે અધિક માને છે તે આપનો પ્રતાપ જાણતા નથી.'- નરનારાયણ ઋષિ નીલકંઠવર્ણીને. ૧/૮/૧૨૮

૫. 'આપ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. નહિ તો હિમગિરિનો પ્રવાસ કરી કોઈ માનવી બદરીવનમાં સદેહે ગયું હોય તેવું સાંભળ્યું નથી. - બદરીનાથના પૂજારી નીલકંઠ વર્ણીને. ૧/૮/૧૩૧

૬. પ્રથમ દૃષ્ટિએ જોતાં જ રાજા રણજિતસિંહ બદરીનાથના નિજ મંદિરને બદલે વર્ણી તરફ ચાલ્યાં અને સ્તુતિ કરી. ૧/૮/૧૩૧

૭. હરૈયા ગામે હલવૈની માને નીલકંઠવર્ણીને જોતાં જ તેમના મોહક સ્વરૂપમાં આકર્ષણ થયું. ૧/૯/૧૩૬

૮. વંશીપુરના રાજાએ પ્રથમ દર્શને જ પ્રાર્થના કરતા કહ્યું, 'ભગવન ! મને આપે ન્યાલ કરી દીધો.' ૧/૯/૧૪૦

૯. રાજાના અનુચરોને અનુભૂતિ : 'આ કોઈ યોગીન્દ્ર પુરુષ છે. દેખાય છે બાળક પણ દેવાધિદેવનું સ્વરૂપ છે.' ૧/૯/૧૪૦

૧૦. વંશીપુરના રાણીને પ્રથમ દર્શને અનુભૂતિ : સાક્ષાત્ પુરુષોત્તમ પોતે છે. ૧/૯/૧૪૦

૧૧. પુલહાશ્રમની વાટે જતાં પાંચસો નાગા વૈરાગીઓની જમાતના ગુરુએ નીલકંઠને જોતાં તેમની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈ નીલકંઠ પાસે જઈને નમસ્કાર કર્યા. ૧/૧૦/૧૫૨

૧૨. વર્ણીનું સ્વરૂપ જોઈ મોહનદાસ બાવાના અંતરમાં વારંવાર પ્રગટ થતા ત્રણ ગુણના ભાવ શમી ગયા. ૧/૧૦/૧૫૯

૧૩. બુટોલનગરના રાજા મહાદત્ત અને બહેન માયારાણીને પ્રથમ દર્શનથી અપાર શાંતિનો અનુભવ. ૧/૧૦/૧૬૬

૧૪. ગોપાળયોગીએ નીલકંઠને આવતા જોયા અને તેમને લાગ્યું, અંતરમાં દેખાતી મૂર્તિ અને સામે આવતી મૂર્તિ સાથે સામ્ય હતું. ૧/૧૦/૧૭૧

૧૫. પોખરા (ઉત્તરકાશી) માં મુમુક્ષુ પંડિત વર્ણીનું સ્વરૂપ જોઈને ખેંચાઈ આવ્યો. તેને વર્ણીમાં શિવજીનો ભાસ થયો. ૧/૧૦/૧૭૫

૧૬. સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠના દર્શન થતાં જ સર્વે વૃત્તિઓ શાંત થઈ ગઈ. ૧/૧૧/૧૮૨

૧૭. કામાક્ષી મંદિરના સિદ્ધોને અંતરમાં એક પ્રકારની બીક લાગી. ૧/૧૧/૧૯૩

૧૮. નવલખા પર્વત પાસેના જંગલના પ્રવેશદ્વાર આગળના ચોકીદારોએ નીલકંઠનું દર્શન અને અવાજમાં તેમની સંકલ્પ શક્તિનું બળ જોતાં હાથ જોડી દીધાં. ૧/૧૧/૧૯૮

૧૯. બાલવાકુંડના દર્શને આવતા ભાવિકોને નીલકંઠની સિદ્ધિઓ જોઈ આશ્ચર્ય થતું. ૧/૧૧/૨૦૧-૨૦૨

૨૦. કૃષ્ણના સમયમાં તેણે કૃષ્ણની સેવા કરેલી પણ નિઃસંશય થયો નહોતો. આજે તેને અમારો યોગ થઈ ગયો. આજે તેનું કલ્યાણ થઈ ગયું. નીલકંઠવર્ણી - જયરામદાસને. ૧/૧૧/૨૦૭

૨૧. નીલકંઠની વાત સાંભળતા જગન્નાથપુરીના રાજા ચાલીને દર્શને આવ્યા. ૧/૧૨/૨૧૩-૨૧૪

૨૨. રથયાત્રાના પ્રસંગે રાજાએ નીલકંઠને પણ સુંદર શણગારેલા રથમાં બેસાર્યા. ૧/૧૨/૨૧૭

૨૩. 'આ કોઈ જુદી માટીના મહાપુરુષ છે.' માનસપુરના માળીને થયેલો અનુભવ. ૧/૧૩/૨૨૩

૨૪. માનસપુરના રાજા : 'કાં શિવજીમાં આવી યોગસિધ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય !' ૧/૧૩/૨૨૪

૨૫. પૂનામાં બાપુ ગોખલેને નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં અનિર્વચનીય શાંતિનો અનુભવ થયો. ૧/૧૩/૨૪૭

૨૬. જનાબાદમાં શિવભક્ત વિપ્રને નીલકંઠમાં થયેલી શિવજીની અનુભૂતિ. ૧/૧૩/૨૪૯

૨૭. બુરાનપુરના વણિક શિવાસા અને ગોવિંદ શેઠ નીલકંઠના સ્વરૂપથી આકર્ષાઈ પોતાને ઘેર લઈ જાય છે. ૧/૧૩/૨૫૦-૨૫૧

૨૮. ગોરાસુમાં ખોડિયાર માતાના મંદિરના મહંતને નીલકંઠ અલૌકિક જણાયા. તેના ઈન્દ્રિયો, અંતઃકરણ, સત્ત્વમય થતાં લાગ્યાં. ૧/૧૫/૨૮૨

૨૯. પીપરલાના વિપ્રની ભાવના : 'આવા જમનારા ફરી નહીં મળે.' ૧/૧૫/૨૮૮

૩૦. લોજની વાવ પર સુખાનંદ સ્વામીની વૃત્તિનો થયેલો નિરોધ. ૧/૧૬/૩૧૩

**પ્ર.૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈપણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

> **નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યાં કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **માણાવદરમાં વસંતોત્સવ (૧/૪૦૬-૪૦૯) પ્રસંગ :** શ્રીહરિ માણાવદરમાં મયારામ ભટ્ટને ત્યાં ઊતર્યા. નવાબ સાહેબે તમામ સગવડો કરી રાખી હતી. નવાબને વિશ્વાસ હતો કે પેગંબર સાહેબ આજે હિંદુના ઓલિયાના સ્વરૂપે પધાર્યા છે. ખુદાતાલા તો ગમે તે સ્વરૂપે ગમે ત્યાં પ્રગટ થાય. તેમને ઓળખીને તેમનો આશરો લેવો તે જ મનુષ્યનો ધર્મ છે. શ્રીહરિ ઉત્સવમાં સૌને ભેગા કરતા ત્યારે સૂચના આપતા : 'સ્ત્રી-પુરુષોએ ઘેરથી છાનાં નીકળવું નહિ, સારો સંગ જોઈને જ નીકળવું. સ્ત્રીઓએ પોતાના સંબંધી પુરુષના સંગાથ વિના એકલા નીકળવું નહિ.' આમ પોતાના આશ્રિતોના ધર્મની રખેવાળી પોતે સદા કરતા. તેઓ કહેતા : 'ધર્મ હશે તો અંતરમાં ભક્તિ પ્રગટ થશે, પરંતુ ઈન્દ્રિયોના રાગ પોષવા જો ધર્મના નેજા હેઠળ અધર્મનું આચરણ થશે તો મોક્ષમાર્ગમાંથી ભ્રષ્ટ થઈ જવાશે.' ઉત્સવોનું આયોજન પણ પોતે જ કરતા. સવારના બ્રાહ્મમુહૂર્તમાં ભજન, કથા ઉત્સવનો વિધિ, મહાપ્રસાદ, પોતે જ પીરસે, જેથી દૂરથી આવેલા હરિભક્તોને દર્શન થાય. તેમના ખબરઅંતર પૂછે. આ દરેક કાર્યક્રમમાં સ્ત્રી-પુરુષ તેમના નિયમ પ્રમાણે મર્યાદાપૂર્વક જુદાં જ રહેતાં. વસંતપંચમીના દિને શ્રીહરિએ ઋતુરાજ વસંતની વિધિપૂર્વક પૂજા કરી. સખાઓ સાથે રંગોત્સવ કર્યો. મયારામ ભટ્ટ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તેમના મનોભાવ સમજી મહારાજે તેમને વસંતનો મહિમા સમજાવ્યો. રંગે રમી ક્ષારવતી (ખારી) નદીએ સ્નાન કરી ભટ્ટજીની વાડીએ પધાર્યા. જાદવજી શેઠ શ્રીહરિનું પૂજન કરી કિંમતી ધોતી-જોટો ભેટ ધર્યો. શ્રીહરિએ ધોતી-જોટાના બે ભાગ કરીને એક મયારામને અને બીજો ગોવિંદરામને આપ્યો. આ જોઈને ઈર્ષાળુ રઘુનાથદાસ બળવા લાગ્યો. તે ધૂંધવાયો. સભાની સમાપ્તિ પછી શ્રીહરિએ તેને એકાંતમાં બોલાવી સમજાવી શ્રીનગર જવા માટે સમજાવ્યો. ત્યારે તેણે ગર્વથી કહ્યું : 'ગુજરાતના હરિભક્તોને હું શાંતિ પમાડી દઈશ.' **મનન :** સમયે સમયે મહારાજે ઉત્સવો કરી. જે તે પર્વનું ગૌરવ વધાર્યું છે. વધારે માણસો ભેગા થાય તો પણ ધર્મમર્યાદા લોપાય નહિ તેનું ધ્યાન રાખ્યું છે. હરિભક્તોને વ્યક્તિગત મળીને તેમના સુખ-દુઃખ જાણ્યા છે. કોઈપણ કિંમતી પદાર્થનો લોભ રાખ્યો નથી. આસુરી વૃત્તિવાળા રઘુનાથદાસને પણ તેનું માન પોષીને સત્સંગમાં રાખવાનો પર્યત્ન કર્યો છે.

૨. **ગજા ગઢવી પૂર્ણાનંદ બને છે. (૨/૩૭-૩૮) પ્રસંગ :** મેથાણના અજાભાઈ અને ગજા ગઢવીને મેમકામાં મહારાજની મોહક ચાલ જોઈ ભગવાનનો નિશ્ચય-ગજા ગઢવીનો પરિચય - બે જણાને સમાધિ - નરનારાયણાનંદ સ્વામીએ કહ્યું : અખે એમ કહ્યું છે કે બીજાંનાં નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય - બીજાનાં નાડી-પ્રાણ ખેંચે કે ન ખેંચે પણ આ જરૂર ભગવાન છે - તે બંનેને મહારાજે સ્નાન કરતાં કરતાં વર્તમાન ધરાવ્યાં.- મહારાજ દ્વારા દીક્ષા - પૂર્ણાનંદ સ્વામી. **મનન :** મહારાજે દરેક મુમુક્ષુના મન જુદી જુદી રીતે હરિ લીધાં. પોતાની ચાલ માત્રથી જ ગઢવીને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવ્યો. અને સંસાર અસાર છે તેની દૃઢતા કરાવી દીક્ષા આપી.

૩. **ધર્મદેવનું ધામગમન (૧/૯૦-૯૩) પ્રસંગ :** ધર્મદેવને તાવ આવ્યો ત્યારે આ.સં. ૧૮૪૮, જેઠ સુદ બારશે ઘનશ્યામે બ્રાહ્મણ પાસે શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધનો પાઠ ધર્મદેવ પાસે કરવાનો શરૂ કરાવ્યો. શ્રીકૃષ્ણનાં દિવ્ય લીલાચરિત્ર સાંભળતાં ધર્મદેવની વૃત્તિ ઘનશ્યામના સ્વરૂપમાં લીન થઈ ગઈ. તેમણે રામપ્રતાપ, સુવાસિની તથા ઈચ્છારામને બોલાવ્યા. રામપ્રતાપને કહ્યું : 'આ બે નાના ભાઈઓને હવે તમને ભળાવું છું. ઘનશ્યામમાં ભાઈનો ભાવ ન લાવશો. તે સાક્ષાત્ ભગવાન છે. તમારી ઉગ્રતાનો સંકોચ કરશો તો ઘનશ્યામમાં તમને ભગવાન દેખાશે.' સુવાસિનીને કહ્યું : 'આ ઘનશ્યામની સેવા કરજો. તમારો મોક્ષ થઈ જશે. તે ઉદાસ રહે છે. તેને સંસારમાં પ્રીતિ નથી. છતાં સંસારત્યાગમાં કરવામાં તમો નિમિત્ત ન બનો તે જોશો. તે કોઈના રોક્યા રોકાય તેવા નથી, પરંતુ જ્યાં સુધી ઘેર રહે ત્યાં સુધી પુત્ર માનીને પાળજો. તમારું તે કલ્યાણ કરશે.' ત્યારે ઘનશ્યામે કહ્યું : સૌની સંભાળ તો ભગવાન લેશે. આપ હવે બધેથી વૃત્તિ તોડીને પરમાત્મામાં વૃત્તિ જોડો. ત્યારે ધર્મદેવે કહ્યું : 'એ પરમાત્મા આજે પ્રકટ છે. એમણે આપણા કુળને પાવન કર્યું છે. પછી ઘનશ્યામે કહ્યું : 'તમે ધર્મ સાચા. તમારું કુળ ધર્મકુળ કહેવાય, પરંતુ તમારો - ધર્મનો - સંબંધ તે કુળને હશે ત્યાં સુધી એ ધર્મકુળ કહેવાશે. ધર્મનો સંબંધ છોડશે, ત્યારે મારો સંબંધ પણ છૂટી જશે. જ્યાં ધર્મ નથી, ત્યાં હું નથી જ !' ધર્મદેવે પણ રામપ્રતાપ અને ઈચ્છારામને ધર્મ અને સંસ્કાર જાળવવાની ભલામણ કરી. ભગવાનના પ્રત્યક્ષ અને પરોક્ષ સ્વરૂપમાં ભેદ સમજાયો. ધર્મદેવની બુદ્ધિ સ્થિર થઈ. તેમણે અંતર્વૃત્તિ કરીને સંવત ૧૮૪૮ના જેઠ માસના કૃષ્ણ પક્ષનીચોથને શુક્રવારે ધામમાં બિરાજી ગયા.

**મનન :** સ્વયં ભગવાન પુત્રરૂપે, ભાઈરૂપે કે કોઈપણ સંબંધમાં હોય તો પણ ધર્મયુક્ત જીવન તો રાખવું જ પડે.

ત્યાં ભગવાન મદદ કરતા નથી. જીવનભર ફરજના ભાગરૂપે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે પણ વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં જ રાખવી જોઈએ.

૪. **ઊંડવતી નદીમાં શ્રીહરિની લીલા (૨/૬૧-૬૩) પ્રસંગ :** જળક્રીડા કરવા તૈયાર થયેલા શ્રીહરિ અને સખાઓ - ડોસાભાઈ આગળ મહારાજે કરેલી ભવિષ્યવાણી - લાલજી સુથાર પાસે નાવની માગણી - ચલાખા પર બેસી કરેલો વિહાર - વશરામભાઈની લોભવૃત્તિ છોડાવી - કીડીઓનો મોક્ષ - મૂળજીની અક્ષર તરીકે આપેલી ઓળખ.

**મનન :** સ્વયં ભગવાન જે ધારે તે કરવા સમર્થ છે. ભગવાન અને ભગવાનના સંત આગળ લોભવૃત્તિ રાખવી ન જોઈએ. પોતાનો સંકલ્પ પૂરો કરવા માટે તે ગમે તેને નિમિત્ત બનાવે છે.

૫. **હનુમાનગઢીમાં બાવા મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો. (૧/૬૫-૬૬)**

**પ્રસંગ :** હનુમાનગઢીમાં મોહનદાસ બાવા રામાયણની કથા વાંચતા હતા. ત્યારે ઘનશ્યામ ત્યાં આવ્યા. કથામાં એકાદશી વ્રતનો મહિમા આવ્યો. ત્યારે ઘનશ્યામે મોહનદાસને પ્રશ્ન પૂછ્યો : 'એકાદશી વ્રતનો આટલો મહિમા શાસ્ત્રમાં કહ્યો છે તોપણ ઘણા લોકો તે વ્રત કેમ કરતા નથી ?' બાવાને આ પ્રશ્ન આકરો થઈ પડ્યો. તેણે વિષયભોગ સંબંધી વાતો કરી કહ્યું : 'એકાદશીને તો જગન્નાથપુરીમાં ઊંચે બાંધી દીધી છે.' બાવાજીના ઉત્તરથી ખિન્ન થઈ ઘનશ્યામ ત્યાંથી તરત ઊઠી ગયા. શ્રોત્તાઓને ગમ્યું નહિ. સૌને તેમના ઉપર રોષ થયો. તેમણે બાવાજીને કહ્યું : 'ધર્મની ગાદી ઉપર ચડી બેઠા છો અને નિયમ, ધર્મ, વ્રત, ઉપવાસની કેમ ઠેકડી ઉડાવો છો ?' બાવાજીને આ પ્રહારથી અંતર્દૃષ્ટિ થઈ. તે ઘનશ્યામ પાસે ગયા. તેમને પગે લાગ્યા. ત્યારે ઘનશ્યામે કહ્યું : 'ધર્મની ગાદી ઉપર બેસી ધર્મનો ઉપદેશ કરશો તો ભગવાન રાજી થશે.' બાવાજીને થયું આવડા નાના બાળકને ધર્મ, વ્રત, ઉપવાસ માટે આવી ભાવના છે અને હું કાંઠે બેઠો છું તોપણ વિષય ભોગવવાની આસક્તિથી અધર્મ કરું છું અને અધર્મનું આચરણ કરાવું છું. પશ્ચાતાપના ભાવથી ઘનશ્યામના પગ પકડી લીધા. ઘનશ્યામે માથે હાથ મૂકતાં બાવાજીનું અંતર નિર્મળ થઈ ગયું. **મનન :** ભ્રષ્ટ અને વિષયાસક્ત વ્યક્તિ ધર્મની ગાદી ઉપર બેસે છે. ત્યારે તે શાસ્ત્રોના અવળા અર્થ કરીને સમજાવે છે. માટે શાસ્ત્રનું શ્રવણ પણ સત્પુરુષ થકી જ કરવું જોઈએ.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તો બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વનું આલેખનના આપવા.**

૧. **સુવાસિની ભાભી**

**પ્રસંગો :** ૧. ઘનશ્યામના બીજા જન્મોત્સવ સમયે ભાભીનું આગમન - ભક્તિમાતાને ઘનશ્યામની ચિંતા ઓછી રહેવા લાગી. ભાભી ઘનશ્યામની અત્યંત સંભાળ રાખતાં. ૧/૩/૩૧

૨. ઘનશ્યામના અધ્યયનના પ્રથમ દિવસે સુવાસિની ભાભીએ કંસાર બનાવ્યો. અપાર હર્ષ થયો. જમાડતી વખતે ખૂબ આગ્રહ કરતાં. ૧/૪/૪૫-૪૬

૩. ભાભીની વીંટી લઈ મીઠાઈ ખાધી તે પ્રસંગ. ૧/૪/૪૯

૪. ભાભીની સાથે ઘનશ્યામ તરગામમાં. ૧/૪/૫૩

૫. ઘનશ્યામના દેહમાંથી નીકળતા શીતળ પ્રકાશમાં રાત્રિના અંધકારમાં તરગામથી આંબલિયા. ૧/૪/૫૪-૫૫

૬. 'ભાભી ! હું તારો લાલ નહિ ?' આંબલિયામાં ઘનશ્યામ. ૧/૪/૫૫

૭. તરગામમાં બળદેવ દૂબેના ખેતરમાં ચીભડાંના વેલા ખેંચી કાઢ્યા ત્યારે રામપ્રતાપે માર્યા તે સમયે ભાભીએ રામપ્રતાપભાઈને આપેલો ઠપકો ૧/૪/૫૭-૫૮

૮. 'ઘનશ્યામ ! ભૈયા ! હું મા નહિ ને ? પણ મેં તમને ક્યાં સાચવ્યાં છે ? તમારા ભૈયાએ આટલું માર્યા તોપણ હું આવી નહિ.' ભાભીનો વલોપાત. ૧/૪/૫૯

૯. ભાભી ! તું હવે રડતી નહિ હોં, આપણે અયોધ્યા નથી જવું. ૧/૪/૫૯

૧૦. ખાંપો વાગ્યો ત્યારે ભાભી રડવા લાગ્યા. 'ભાભી ! પાટો ખોલ જોઉં. ' 'જુઠ્ઠા ! ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો છે ?'' ૧/૪/૬૨

૧૧. દીદી (ભક્તિમાતા) એ મોકલેલી સુખડી ભાભીના મોઢામાં મૂકી દીધી. ૧/૪/૬૩

૧૨. યજ્ઞોપવિતના મૂંડન પછી ભાભીએ માથામાં મારેલા ટકોરા. - ઘનશ્યામ ભાભીનો હાથ પકડીને કહે છે, ‘હવે તો છોડીશ જ નહિ. તને જ હમણાં નવરાવી દઉં.’ ભાભી, ‘અરે મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય !’ ૧/૫/૭૨

૧૩. હજુ ત્રણ તાગડા તો ગળામાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા ? ૧/૫/૭૨

૧૪. માતાના ધામગમન પછી ભાભી ઘનશ્યામને જરા પણ અળગા મૂક્તા નહિ - ઘનશ્યામ ભાભીને કહેતાં ‘ભાભી ! તને મૂકીને હું દૂર દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ. પછી તું મને ક્યાં ગોતવા આવીશ ?’ ૧/૬/૮૬

૧૫. ‘તું મોટો રાજા બનીશ તો હું તારી સાહ્યબી જોઈને રાચીશ.’- સુવાસિની ભાભી ઘનશ્યામને. ૧/૬/૮૭

૧૬. ભાભી ઘનશ્યામને કહે છે, ‘તમે ઉદાસ રહો છો, પણ જો જો અમને રઝળાવીને ક્યાંય જતા ન રહેશો.’ ‘જેને મારો સંબંધ થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ.’ - ઘનશ્યામ ૧/૬/૯૩-૯૪

૧૭. ઘનશ્યામના વિરહમાં ભાભીની ચિત્તભ્રમ દશા - અતિશય વિલાપ ૧/૬/૧૦૦-૧૦૩

**વ્યક્તિત્વનું આલેખન :** પુરુષોત્તમનારાયણનો આ પૃથ્વી પર પ્રગટ થવાનો હેતુ પોતાના ભક્તોના લાડકોડ પૂરા કરવાનો છે. તે રીતે ભાભીને પણ જુદા જુદા પ્રસંગોએ દીયરનું, પુત્રનું અને ભગવાનનું સુખ આપે છે. સુવાસિની ભાભી પણ દિયરને માતાથી અધિક વહાલ કરે છે. પોતાના પુત્ર કરતાં પણ વિશેષ હેત કરે છે.

**૨. ગોર્વધનભાઈ (માંગરોળ) પ્રસંગો :**

૧. ગોવર્ધનભાઈની ભાવથી કરેલી સેવાના ફળરૂપે તેમની ફોઈ પૂતળીબાઈને નીલકંઠવર્ણીએ જમપાશથી છોડાવી. ૧/૧૫/૩૦૯-૩૧૦

૨. માંગરોળમાં સરજુદાસની શક્તિ અને મહિમાથી પરિચિત ગોવર્ધનભાઈએ તેમની આજ્ઞા પ્રમાણે સદાવ્રત શરૂ કરાવ્યું - બ્રાહ્મણોની ચોરાશી કરવાની વ્યવસ્થા કરાવી. ૧/૧૬/૩૩૦-૩૩૧

૩. રામાનંદ સ્વામીના સમયમાં બંધાયેલા મંદિરો વસ્તુઓની માલિકીના દસ્તાવેજમાં શ્રીહરિ વતી ગોવર્ધનભાઈએ કરેલી સહી ૧/૨૨/૪૩૫

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજના દરેક કાર્યમાં વિશ્વાસથી જોડાયેલા હતા. શ્રીહરિની કાર્ય શક્તિ અને મહિમાથી પરિચીત એવા ગોવર્ધનભાઈ દરેક સેવામાં તત્પર રહેતા.

**વિભાગ - ૩ : ધાર્મિક વિધાનો અને ભાવનાઓ નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ટી.વી. ઝેર છે એવું કોણ કહે છે ? (૧૦/૭૬)

જ. ટી.વી. ઝેર છે એવું પ્રમુખસ્વામી મહારાજ કહે છે

૨. ભગવાનની શરણાગતિ પ્રતિઘોષિત કરતો મંત્ર લખો. (૫/૪૭)

જ. કાલ માયા પાપ કર્મ યમદૂત ભયાદહમ્ । સ્વામિનારાયણં શરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુ મામ્ ॥

૩. મૂર્તિ શાનું ઉદ્ગમસ્થાન છે ? (૧/૩)

જ. મૂર્તિ પ્રેમ, આદર અને પ્રેરણાની ગંગાનું ઉદ્ગમસ્થાન છે.

૪. મનુસ્મૃતિ પ્રમાણે બ્રાહ્મમુહૂર્તની નિદ્રા શેનો નાશ કરે છે ? (૨/૧૦)

જ. મનુસ્મૃતિ પ્રમાણે બ્રાહ્મમુહૂર્તની નિદ્રા આપણાં પુણ્યનો નાશ કરે છે.

૫. મનને શુદ્ધ રાખવાના ઉપાય માટે ઉપનિષદ શું કહે છે ? (૧૧/૭૮)

જ. આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ સત્ત્વશુદ્ધૌ ધ્રુવા સ્મૃતિઃ। સ્મૃતિર્લમ્ભે સર્વગ્રન્થીનાં વિપ્રમોક્ષઃ ॥ **અથવા** આહાર શુદ્ધ હોય તો અંતઃકરણ-મન શુદ્ધ બને છે. મન શુદ્ધ થતાં એની સ્મૃતિ-ધ્યાન સ્થિર થાય છે અને ધ્યાન પ્રાપ્ત થતાં અંતરની સર્વ મલિન ગ્રંથિઓમાંથી વ્યક્તિ મુક્તિ મેળવે છે, કહેતાં વ્યક્તિ વાસનાઓથી મુક્ત થાય છે.

**નોંધ : શ્લોક અથવા ભાષાંતર બંનેમાંથી કોઈ પણ એક લખેલ હોય તો પૂરા ગુણ આપવા.**

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. આપણે પરમાત્માની પૂજા શા માટે કરીએ છીએ ? (૧/૨)**

જ. ઉપકારી એવી એક નિર્જીવ વસ્તુને કે પશુને કે સામાન્ય માનવીને પણ આપણે આદર આપીએ છીએ, તો દરરોજ પ્રકાશ પાથરતા, ઝળહળતા સૂર્યનો શું આપણા જીવન પર ઉપકાર જ નથી ? સૂર્ય મૂકભાવે પ્રકાશ આપે છે, ચેતના આપે છે. વૃક્ષોનું, ધાન્યોનું પોષણ કરતા ચંદ્રમાનો પણ આપણા પર ઉપકાર છે. જળ એ તો જીવન છે. વરસાદનો પણ આપણા પર કેટલો ઉપકાર ! તો શું આ પ્રાકૃતિક બળોને આપણે આદર નહીં આપીએ ? અને એ સર્વ પ્રાકૃતિક બળોના આધાર, સંચાલક એવા પરમાત્માને આપણે આદર નહીં આપીએ ? આદર સન્માન આપીશું જ. એ જ તો પૂજા છે. ઉપકારી પ્રત્યે અપકારી થવાનું, કૃતઘ્ની થવાનું આપણને પરવડે તેમ નથી એટલે જ પૂજા કરીએ છીએ. ભગવાનના, પરમાત્માના અગણિત ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે જ પરમાત્માની પૂજા કરીએ છીએ. પૂજા આપણને પ્રેમ કરતાં શીખવે છે. પૂજાથી ઉપકારના ઋણનો ભાર અંશતઃ ઊતરે છે. પૂજાથી જીવનમાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે. પૂજા આપણને જીવન આપે છે. પૂજાથી કૃતાર્થતા પ્રગટે છે.

**૨. 'સ્વામિનારાયણ' મંત્ર કેવી રીતે ગણાય છે ? (૩/૨૬)**

જ. 'સ્વામી' એટલે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ. 'સ્વામિનારાયણ' મંત્રમાં સ્વામીરૂપ કહેતાં અક્ષરરૂપ થઈને નારાયણને પુરુષોત્તમને પામવા છે, એ ઉપાસનાનો વિચાર સ્પષ્ટ થાય છે. આ જ છે આ મંત્રનો અર્થ. આથી જ સ્વામી સહિત નારાયણ એટલે કે 'સ્વામિનારાયણ' એ મંત્ર બને છે. આ મંત્રના જાપથી ઈષ્ટદેવતા શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિ થાય છે.

**૩. બાળકને માતા-પિતાનો જ સહવાસ શા માટે ? (૯/૬૩)**

જ. બાળકની ભાષા કઈ ? પ્રેમ. બાળક હૃદયની ભાષા જ સાંભળે છે. પ્રેમમાં એને વિશ્વાસ છે. બાળકનો પ્રથમ પ્રેમ એની માતા પ્રતિ છે, પછી પિતા પ્રતિ. માતા જે શીખવશે તે બાળક દૃઢતાથી માનશે. પિતા જે કહેશે તે સ્વીકારશે. પ્રેમમાં એ શંકા નહીં કરે. માતાની ગોદમાં અને પિતાના હાથમાં એને સલામતીની હૂંફ છે. માતા-પિતાની ઓથે, માતા-પિતાનાં પ્રેમપીયૂષથી પોષિત બાળક વટવૃક્ષ બને છે. છોડને ઓથ નથી મળી હોતી તો આડુંઅવળું ગમે તે દિશામાં ફૂટી નીકળે છે. છોડને પોષણ નથી મળતું તો બાળપણથી પોલાણ રહી જાય છે, સડો રહી જાય છે, અર્ધવિકસિત દશામાં આવી પડે છે. તેથી જ, પ્રેમની-હૃદયની ભાષા સાંભળતા બાળક માટે માતા-પિતાનો જ સહવાસ આવશ્યક છે. માતા-પિતાની હૂંફમાં બાળકની ગ્રહણશક્તિ ઘણી વધી જાય છે. માતા-પિતાના સહવાસ વિનાના બાળક કરતાં માતા-પિતાના સહવાસમાં ઊછરેલા બાળકનો વિકાસ ઝડપી અને સુંદર થાય છે. માતા-પિતાના સહવાસમાં ઊછરેલું બાળક આત્મશ્રદ્ધાવાન, સર્જનાત્મક અને નિરૂપદ્રવી હોય છે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

**૧. ઘરમંદિર કેવા સ્થાને પ્રતિષ્ઠિત કરવું જોઈએ ? (૭/૫૩-૫૪)**

જ. આપણા ઘરે આપણો પ્રિય ક્રિકેટર આવે તો ક્યાં બેસાડીશું ? દીવાન ખંડમાં કે ઘરના પછવાડે કચરાના ઢગલાને સંઘરતા વાડામાં ? આપણો પ્રિય નેતા કે અભિનેતા - અરે, આપણી પ્રિય કોઈ પણ વ્યક્તિને વધાવવા આપણે રસ્તા સાફ કરીશું, ચોક વાળીશું, ઘર રંગીશું, રંગોળી પૂરીશું, ધૂપ કરીશું, અત્તરથી વાતાવરણ મઘમઘતું કરી દઈશું અને પ્રિય વ્યક્તિ આવે ત્યારે સ્વચ્છ, સુઘડ અને સુંદર સ્થાને બેસાડીશું. તો પછી સર્વના આધાર, આપણા પ્રાણ-આધાર પ્રિયતમ પરમાત્માને પણ એવા જ સુંદર, સુઘડ અને સ્વચ્છ સ્થાનમાં જ પધરાવીશું ને ! ઘરના એક ખૂણામાં, સીડી નીચે બારણાની પાછળ કે નાના-શા ગોખલામાં પ્રભુને થોડા પધરાવાય ! મોટું મકાન હોય તો ઘરમંદિર માટે એક અલાયદો ઓરડો ફાળવી શકાય. અન્યથા, ઉજાસભર્યા પવિત્ર ઓરડામાં ઘરમંદિર રાખી શકાય. નાનાશા મકાનમાં તો મુખ્ય ઓરડામાં જ ઘરમંદિરને આગવું સ્થાન આપવું જરૂરી છે. સુંદર, સ્વચ્છ, સુઘડ અને ઉજાસભર્યા સ્થાને ઘરમંદિર પ્રતિષ્ઠિત કરવું જરૂરી છે.

**૨. ઘરસભાથી શા લાભ થાય છે ? (૮/૬૦)**

જ. ઘરસભાથી બાળકોમાં સારા સંસ્કાર પડે છે. ટી.વી. જોવાની કુટેવ દૂર થવાથી તેઓ અભ્યાસમાં તેજસ્વી બને છે. યુવાનોમાં નમ્રતા આવે છે અને વડીલો માટે માન વધે છે. વ્યસનો દૂર થાય છે. કુટુંબીઓમાં આત્મીયતા થાય છે

અને અણસમજણ ને ઝઘડાઓ દૂર થાય છે. ક્રોધ, સ્વાદ, ઈર્ષ્યા, માન જેવા દુઃખકારી સ્વભાવો ટળે છે. વ્યવહારના સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે. વ્યવહાર સુધરે છે. ઘરમાં અખંડ શાંતિ રહે છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. આરતી એટલે શું ? (૪/૪૦-૪૨)**

જ. પૂજાવિધિ એ ભગવાનને સન્માન આપવાની, સત્કાર કરવાની વિધિ છે. ઘરે મહેમાન આવે તો આપણે એમને અંધારામાં બેસાડી રાખીએ ? તરત જ દીવો કરી અજવાળાં પાથરીએ. આરતી પણ પરમાત્માની પધરામણી કે સ્વાગતનું પ્રતીક છે. ભગવાનને જ્ઞાનના પ્રકાશ દ્વારા જ અંતરમાં પધરાવાય. જ્ઞાનનું પ્રતીક પ્રકાશ છે, દીવાની જ્યોત છે. પ્રકાશમાં જ ભગવાનનાં દર્શન થાય. આમ, ભગવાનનો સત્કાર કરતાં પ્રકાશ પાથરવાની વિધિ એટલે આરતી. વળી, આરતીનો અર્થ એવો થાય છે કે 'આસમન્તાત્ રતિઃ' અર્થાત્ 'હે ભગવાન ! મારો સમગ્ર પ્રેમ કેવળ આપના વિષે જ થાઓ.' આ ભાવથી થતી ભગવાનની પ્રાર્થના તે આરતી. પૂર્વે મંદિરોનાં ગર્ભગૃહોમાં અંધારું ઘણું રહેતું. દીવાની જ્યોતથી ભગવાનનાં દર્શન થતાં. ભગવાનનાં અંગેઅંગના દર્શન કરવા દીવાની જ્યોતને નખશિખા પર્યંત ફેરવવામાં આવતી, પરંતુ આ સ્થૂળ ક્રિયામાં, દીવાની જ્યોતના પ્રકાશમાં ભગવાનનાં અંગેઅંગ નીરખીને દર્શન કરી, ભક્ત આ જ ભાવના વ્યક્ત કરે છે કે આપનામાં - આપનાં અંગેઅંગમાં સમગ્રતયા મને હેત છે. આ પ્રમાણે આરતી એટલે ભગવદ્રતિ વ્યક્ત કરતી જ્યોતિ. આ ક્રિયામાં એવી ભાવના પણ ભળેલી છે કે જેમ આરતીમાં વાટ બળે તેમ ભગવાનની સેવામાં મારો દેહ પણ હોમાઈ જાય, બળી જાય. એટલું જ નહિ, સેવાની જ્યોત ચાલુ રાખવા ભગવત્સ્નેહરૂપી તેલ પણ અખૂટ રહે. (તેલને સંસ્કૃતમાં સ્નેહ પણ કહે છે.) આમ, સ્નેહભરેલ જ્યોતનું સમર્પણ એટલે આરતી. વળી, જીવપ્રાણીમાત્ર પર કૃપા કરીને ભગવાને પંચભૂતની ભેટ આપી છે. સ્થિર રહેવા માટે પૃથ્વી રચી, જીવવા માટે જીવનજળ આપ્યું, ધાન્ય ઉત્પન્ન કરવા માટે સૂર્યચંદ્રરૂપી તેજ આપ્યું તથા અન્ન પકાવવા અગ્નિ તેમ જ અન્ન પચાવવા જઠરાગ્નિ આપ્યો, શ્વાસ-પ્રાણને ધારવા વાયુ ને હલન-ચલન માટે અવકાશ-આકાશ આપ્યો. પરમાત્માના આપણી ઉપરના આ ઋણને સંભારીને આ પંચભૂતોની ભેટ ભગવાનને ચરણે ધરવા આરતીમાં તે તે તત્ત્વોનાં વિવિધ પ્રતીકો સ્વીકારેલાં છે. શબ્દ એ આકાશનો ભાગ છે. આથી, નગારાં-ઘંટ અને આરતીગાનના શબ્દનો ધ્વનિ આકાશનું પ્રતીક છે. અગરબત્તી દ્વારા થતો ધૂપ વાયુનું પ્રતીક છે. દીવાની જ્યોત તેજનું પ્રતીક છે. જળપૂરિત શંખ એ જળનું પ્રતીક છે. દંડવત્ પ્રણામમાં ભગવાનને ચરણે પૃથ્વી તત્ત્વ સમર્પિત કરવાનો ભાવ સમાયેલો છે. આ રીતે, આરતી એટલે પંચભૂતોનું પરમાત્માને સમર્પણ. આ જ ભાવને વ્યક્ત કરવા કેટલાંક મંદિરોમાં પંચભૂતના પ્રતીક સમી પાંચ વસ્તુઓથી જ આરતી ઉતારવામાં આવે છે. જેમ કે, ૧. પુષ્પ - પૃથ્વી (કારણ કે ગંધ એ પૃથ્વીનો ગુણ છે) ૨. જળપૂરિત શંખ - જળ ૩. દીવો - તેજ ૪. ચામર - વાયુ ૫. સફેદ વસ્ત્ર - આકાશ. આ પાંચ વસ્તુઓથી અનુક્રમે પ્રભુની આરતી ઉતારી પ્રભુનાં ચરણોમાં પંચભૂતો સમર્પણ કર્યાનો ભાવ વ્યક્ત કરે છે.

**૨. બાળકના હેતુપૂર્ણ અભ્યાસ માટે તમારી જવાબદારી શી હોઈ શકે ? (૯/૬૬-૬૮)**

જ. (૧) શાળામાંથી સોંપાયેલું ઘરકામ બાળક પાસે કાળજીપૂર્વક કરાવવું. (૨) ઘરકામ લેતી વખતે બાળક સાથેનું તમારું વર્તન દમદાટીભરેલું નહીં પણ હેત, કોમળતા અને સહાનુભૂતિભર્યું હોવું જોઈએ. (૩) ઘરકામ બાદ સમય હોય તો કંઠસ્થનું પુનરાવર્તન કરાવવું. (૪) આપના બાળકની બુદ્ધિનું સ્તર ચકાસીને તે મુજબ જ તેની પાસેથી અપેક્ષા રાખવી. વધુ પડતી અપેક્ષાથી આપને અને બાળકને બંનેને નુક્સાન છે. (૫) બાળક કયો વિષય સહેલાઈથી શીખી શકે છે અને કયા વિષયમાં તે નબળું છે તેની જાણ આપને હોવી જોઈએ. નબળા વિષયમાં તેનો રસ વધે તે માટેના પ્રયત્નો આપે કરવા જોઈએ. (૬) બાળકને ભણવામાં રસ ન હોય તો તેનાં કારણો શોધો. નિષ્ણાતોને મળી તેનો ઉકેલ આણો. (૭) શાળામાં શિક્ષક પ્રત્યે આદર વધે એવી વાતો બાળકને કરો. (૮) આપનું વર્તન એવું હોવું જોઈએ કે જેથી બાળકને અભ્યાસની અને સંસ્કારની પ્રેરણા તેમાંથી મળતી રહે. (૯) ઘરનું વાતાવરણ એવું રાખો કે બાળકને અભ્યાસમાં રુચિ થાય પણ તેના અભ્યાસને અવરોધે નહિ. અભ્યાસના સમયે ટી.વી., રેડિયો, ટેપરેકોર્ડર વગેરે બંધ રાખો. (૧૦) બને ત્યાં સુધી ટ્યૂશનના પ્રલોભનથી બાળકને દૂર રાખો. શાળાનું શિક્ષણ, બાળકનો પુરુષાર્થ અને આપની સંભાળ - એ ત્રણ બાળકના અભ્યાસ માટે પૂરતાં છે. (૧૧) બાળકે કરેલા સારા

કાર્યની પ્રામાણિક કદર કરો અને તેના ઉચ્ચ ધ્યેય તરફ ગતિશીલ બને તેનું સ્મરણ કરાવતા રહો. (૧૨) બીજાની હાજરીમાં બાળકને ક્યારેય ઉતારી પાડશો નહિ. તેનું હૃદય ઘવાય તેમ તેની નિંદા ક્યારેય કરશો નહિ. (૧૩) બાળકને સતત ઉત્સાહ મળતો રહે તેવી હિંમતભરી વાતો કરો. શિક્ષણની મહત્તા સમજાય તેવા મહાપુરુષોનાં દૃષ્ટાંતો કહો. (૧૪) પરીક્ષા સમયે બાળક હિંમત હારી ન જાય તેની ખાસ કાળજી રાખો. (૧૫) બાળકનાં વિશિષ્ટ કળા-કૌશલને ખીલવો અને તેના રસને પોષો. (૧૬) બાળકને પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવો. અભ્યાસ કરવા બેસતાં પહેલાં તેને પ્રાર્થનાની ટેવ અવશ્ય પાડો. (૧૭) તમારી આર્થિક ભીંસમાં તમારા બાળકને આવકનું સાધન ક્યારેય ન બનાવશો. કમાણીનો બોજ તેના શિરે ન નાંખો. (૧૮) બાળકના અભ્યાસની તક છીનવી લઈ તેના ભાવિને અંધકારમય ન બનાવશો. (૧૯) તમારું બાળક હઠ પકડે, રમત કરે, ઘરકામ અધૂરું મૂકે, રડે, તોફાન કરે એ વખતે ધીરજ રાખો. પ્રેમથી પ્રોત્સાહન આપો. હઠ બાળકનો સ્વભાવ હોય તો પ્રેમ માતા-પિતાનો સ્વભાવ હોવો જોઈએ.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. - (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધઃ નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવા.**

૧. **પ્રમુખસ્વામી મહારાજનું નિરાળું નેતૃત્વ :** (૧) પ્રમુખસ્વામી મહારાજ આપણા સૌના નેતા એટલે ગુરુ - અને તેમનું નેતૃત્ત્વ એટલે કે નેતાગીરી એ સૌથી નિરાળી. (૨) આપણે તેમના શિષ્ય તરીકેનું નેતૃત્ત્વ સ્વીકારીએ પણ તેઓશ્રી તો પોતાને સેવક એટલે કે ભગવાનના દાસ તો માને છે તથા હરિભક્તોના પણ પોતે સેવક છે તેમ માને છે. આ તેમના નિરાળા નેતૃત્વનું નિરાળું પાસું છે. (પ્રસંગો લખવા) (૩) આ ઉપરાંત સ્વામીશ્રીના વ્યક્તિત્વનાં અનેક પાસાં - એટલે કે દરેક ક્ષેત્રમાં તેઓની દૃષ્ટિ નિરાળી - પછી તે બાંધકામ, ખેતીવાડી, અભ્યાસ, સામાજિક, આર્થિક દરેક ક્ષેત્રે તેઓની કુશળતાનું દર્શન. (પ્રસંગો લખવા) (૪) સ્વામીશ્રીના અનેક વ્યક્તિગત ગુણો - જન્મજાત ગુણો - લોહીમાં વણાયેલ ગુણો - આ ગુણોમાંથી નીપજતું નેતૃત્ત્વ - સ્પષ્ટ વક્તા, એક નિકટતમ સ્વજન તરીકે દરેકને તેમની ભક્તો પ્રત્યે આત્મીયતાનાં દર્શન - આશ્રિતોના વ્યવહારની, કલ્યાણની ચિંતા કરનાર અદકેરા સ્વજન - દરેક બાબતમાં વ્યવહારુ અભિગમ. (પ્રસંગો લખવો) (૫) સ્વામીશ્રી એક કુશળ તેમજ પ્રથમ પંક્તિના સાચા સલાહકાર - કોઈપણ ક્ષેત્રમાં તેમની સલાહ-સૂચન, માર્ગદર્શન બેમિસાલ (પ્રસંગો લખવા) સાથે સાથે આ માર્ગદર્શનથી દરેકને સંતોષની લાગણી. (૬) સ્વામીશ્રીની નિર્ણયશક્તિથી ઓજસ્વીત થતું સ્વામીશ્રીનું અસાધારણ નેતૃત્ત્વ - ગાંધીનગરનું અક્ષરધામ હોય દિલ્હીનું કે પછી અમેરિકાનું અક્ષરધામ હોય કે અન્ય મંદિરો પ્રત્યેક બાબતમાં સ્વામીશ્રીની કાર્યશક્તિ, નિર્ણયશક્તિ દાદ માંગી લે તેવી. (પ્રસંગો લખવા) (૭) સ્વામીશ્રીના નેતૃત્વની ચોતરફ પ્રશંસા : વિશાળ હૃદયની મહાનતા, તેમનામાં રહેલા સદાચાર, વાસ્તવિક પરિસ્થિતિને નિહાળવાની શક્તિ, અસાધારણ હિંમત, મોટા મોટા ઉદ્યોગપતિઓને પણ સરળ ભાષામાં માર્ગદર્શન - કરોડો રૂપિયાના મંદિરોના નિર્માણમાં જમીન ખરીદીથી માંડીને પ્રતિષ્ઠા તેમજ મંદિરોના નિભાવ માટેનું તેમનું કુશળ આયોજન - આ નેતૃત્ત્વનું વિરલ પાસું. (પ્રસંગો લખવા) (૮) આમ, સ્વામીશ્રી ચીવટ, ખંત, કાર્યનિષ્ઠા, નિર્માનીતા, પરહિત કાજે સદા જાગૃત, (ભગવાનમાં) ઈષ્ટદેવમાં, ગુરુમાં અતૂટ શ્રદ્ધા, આત્મવિશ્વાસ દરેક બાબતમાં કુશળતા, આ બધાં સ્વામીશ્રીના નેતૃત્વનાં અનેક પરિમાણો. (પ્રસંગો લખવા) (૯) સ્વામીશ્રીના નેતૃત્વના આ બધા અનેકવિધ પાસામાં શિરમોર સમું, કલગી સમું પાસું કયું ? તો મુમુક્ષુઓનો આશ્રિતોનો હાથ ગ્રહીને ભગવાન સુધી લઈ જવાનું નિરાળું નેતૃત્ત્વ - આવું નેતૃત્ત્વ તો પ્રમુખસ્વામી મહારાજ સિવાય વિશ્વના કોઈપણ ગુરુમાં કે નેતામાં દૃષ્ટિગોચર થતું જ નથી. તેથી જ કહી શકાય કે પ્રમુખસ્વામી જેવા તો એ એક જ નેતા - એ એક જ ગુરુ - ઉપસંહાર.

૨. **દર્શન : પ્રભુની સાક્ષાત્ અનુભૂતિનું શ્રેષ્ઠ માધ્યમ (સ્વા. પ્રકાશ-જુલાઈ-૨૦૧૩, પા.નં. ૧૫ થી ૧૭) : (૧)** આહ્નિક નો અર્થ : 'અહ' એટલે દિવસ. આહ્નિક એટલે નિયમિતપણે પ્રતિદિન સવારે ઊઠીએ ત્યારથી રાત્રે સૂઈએ ત્યાં સુધી કરવાનાં આવશ્યક ધર્મ-કર્મો અથવા ધર્માચારણ. આહ્નિક એટલે નિત્ય કર્મો અને નૈમિત્તિક

કર્મોનું શ્રદ્ધાપૂર્વક મનુષ્ય જીવનમાં પાલન કરવું. (૨) આહ્નિકમાં દર્શનનું ઘણું મહત્ત્વ - ભગવાન અને સંતનું દર્શન. અનંત જન્મના પાપને બાળીને પુણ્યનું ઉદય કરનાર - આ દર્શન તે તેમની એક પ્રકારની મુલાકાત જ - જો આ દર્શન કેવળ દર્શન નહિ પણ દર્શનની સાથે સ્તવન, પ્રાર્થના, અપરાધની સ્વીકૃતિ સાથે નવજીવનના પ્રારંભનો સૂર્યોદય - તેથી જ સ્વામિનારાયણ ભગવાનની શિક્ષાપત્રીમાં આજ્ઞા : 'નિત્ય સવાર-સાંજ મંદિરે દર્શન કરવા જવું.' આ દર્શનના અનુસંધાને શ્રીજીમહારાજ દ્વારા વચ.ગ.પ્ર.૬૮માં દર્શનનું માર્ગદર્શન - 'મારી અષ્ટ પ્રકારની પ્રતિમા તથા નવમા સંત એમાં અખંડ બિરાજમાન છું. મૂર્તિમાં સાક્ષાત્ ભાવ લાવીને દર્શન કરવાં તે જ ખરાં દર્શન. દર્શન કરતી વખતે શરીર, વાણી અને મનથી દર્શન કરવાં. **૧.** દર્શન કરતી વખતે શરીરમાં ઉન્મતપણું હોય તે ટાળવું. **૨.** ભગવાન અને મોટા સંત સાથે વાદ-વિવાદ ન કરવો. **૩.** પરમેશ્વરનાં દર્શન એકાગ્ર મનથી કરવાં - દર્શનમાં નિત્ય નવીન શ્રદ્ધા - બીજે વૃત્તિ જવા ન દેવી - નહિ તો લૌકિક દર્શન કહેવાય. દર્શન કરવાની સાચી રીત એટલે સવારે જાગીએ ત્યારથી શયન સુધી દર્શનની તક વારંવાર મળે છે તો આ દર્શન કરવાની રીત જોઈએ. (૩) એકાગ્ર દૃષ્ટિથી દર્શન કરવાં : એકાગ્ર દૃષ્ટિ એટલે ભગવાનની મૂર્તિમાં દૃષ્ટિને કેન્દ્રિત કરવી - બગલાનું દૃષ્ટાંત - આજુબાજુ મન દર્શન કરતાં ડોલે તે દર્શન ન કહેવાય. એકાગ્રતા કેળવવી પડે. દર્શન બાદ મનન - નિદિધ્યાસ કરવો અતિ આવશ્યક. તો જ તે નક્કર દર્શન - પછી આ દર્શન ભક્તની કાયમી મૂડી - લાંબા સમય સુધી મને સહ દર્શન અને મનન યાદ રહી જાય. મુંબઈમાં પૂજ્ય મહંત સ્વામી નિત્ય નવા હાર ગૂંથીને ઠાકોરજીને પહેરાવતા. તેમને એક વખત સંકલ્પ થયો કે યોગીજી મહારાજ દર્શનમાં રોજ નવા ગૂંથેલા હાર નિરખતાં હશે ? તે જ સમયે અંતર્યામીપણે યોગીજી મહારાજે કહ્યું : 'ગુરુ ! તમે કહો તે દિવસનું કહી દઉં કે ઠાકોરજીએ કેવો હાર પહેર્યો હતો ? આનું મૂળ યોગીજી મહારાજની દર્શનમાં એકાગ્રતા. દર્શન બાદ ભગવાનનાં અલંકાર-પુષ્પહાર કે અન્ય શણગારની સ્મૃતિ કરવી. મને સહિત દર્શન ન કરીએ તો આ દર્શન ભૂલી જ જવાય. આવાં દર્શન જો મને સહિત ન કર્યાં હોય તો એક દિવસ અથવા પાંચ દિવસ, પચાસ દિવસ અથવા છ માસ, વર્ષમાં અથવા પાંચ વર્ષમાં જરૂર વિસરાઈ જાય એમ શ્રીજીમહારાજ કહે છે. 'ફાટેલ દૃષ્ટિ'ની ઉપમા વચ.સા.૨માં મહારાજ આવાં દર્શનને આપે છે. જેમ ફાટેલ થેલીમાં ધાન્ય ભર્યું હોય તો તે વેરાઈ જાય તેમ ફાટેલ દૃષ્ટિવાળાના હૃદયમાંથી ભગવાનની મૂર્તિની સ્મૃતિ સ્ત્રવી જાય છે. આવાં દર્શન પર શ્રીજીમહારાજ ખૂબ રીસ બતાવે છે. વચ.ગ.પ્ર.૨૫માં મહારાજને આવા દર્શનાર્થી પર એવી ચીડ ચડે છે કે સાધુ થયા છીએ નહીં તો તેનું કાંઈક તાડન કરીએ. પૂજા કરતી વખતે ટી.વી. કે છાપા સામું કે ફોન કશાનો ઉપયોગ ન કરવો જોઈએ. (૪) મૂર્તિમાં આસ્તિકભાવ અને જીવંતભાવ : મંદિરમાં પધરાવેલી પાષાણ કે ધાતુની મૂર્તિ અથવા આપણા ઘર-મંદિરમાં રહેલ ચિત્ર-પ્રતિમામાં ભગવાન સાક્ષાત્ વિરાજમાન છે. એવી અંતરના ઊંડાણમાંથી ઉદ્ભવેલી દૃઢ પ્રતીતિથી જ મન તુરત જ એકાગ્ર થાય છે. 'શ્રીજીમહારાજ સાક્ષાત્ આ મૂર્તિમાંથી નેત્ર દ્વારા મારી સામે જુએ છે, નાસિકા દ્વારા શ્વાસ લઈ રહ્યા છે, કાન દ્વારા મારી પ્રાર્થના સાંભળી રહ્યા છે. એક સાક્ષાત્ દિવ્ય જીવંત તત્ત્વ મૂર્તિરૂપે મારી સામે બિરાજમાન છે' એવી ભાવના કેળવીને મૂર્તિને નિરખવાથી મનોવૃત્તિ બદલાશે અને ઉત્તરોત્તર અનુરાગ વધશે અને મન અને જીવ તેમાં જોડાશે. અગણોતેરા કાળમાં જગન્નાથપુરીમાં નીલકંઠવર્ણી જગન્નાથજીની મૂર્તિમાં રહી પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ દેખતા હતા. મૂર્તિ જુએ છે, સાંભળે છે. સ્વામીશ્રી પણ ઠાકોરજીની તેમજ મંદિરોની મૂર્તિઓમાં પ્રત્યક્ષ ભગવાનને નિહાળે છે. તેથી જ એલચીના દાણા ફોલીને મૂકવા અથવા ગરમ રસોઈ ભગવાનને ન ધરાવવી તેમજ ઠાકોરજીને પોઢાડતી વખતે બધી અનુકૂળતા જોવી એવાં સૂચનો કરે છે. સ્વામીશ્રી પોતાના જીવનપ્રાણ હરિકૃષ્ણ મહારાજને ૧૩ સે.મી.ના ૨૫૦ ગ્રામના ધાતુના પૂતળા કે પ્રતીક નહિ પણ સાક્ષાત્ ભગવાન, વિશિષ્ટ ચેતનવંતા અસ્તિત્વ તરીકે જુએ છે, જાણે છે, માને છે. તેથી જ તેમને સતત અનુસંધાન રહે છે. (૫) ભગવાનનો મહિમા અને દાસત્વભાવ : સ્વયં અક્ષરબ્રહ્મ સર્વ નિયંતા હોવા છતાં પરબ્રહ્મના દાસ - તેઓને પરબ્રહ્મનો જેવો અને જેટલો મહિમા તેવો અન્ય કોઈને નહિ - તેથી જ ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને ગુરુપરંપરામાં સ્વામીશ્રીને ભગવાનનાં દર્શનની તલપ વારંવાર રહ્યા કરે છે. ગુણાતીતાનંદ સ્વામીને દર્શન, આસક્તિ, નેવાં નીચે અર્ધી રાત્રે ભીંજાતા ઊભા રહ્યા, પાછા પગે દોડ્યા. સ્વામીશ્રી પણ ભગવાન અને ગુરુના દર્શન માટે અવસ્થા, સ્થળ-સંજોગોની, દેહની પરવા કરતા નથી. કારણ ભગવાનનાં સુખ, ઐશ્વર્ય અને સાર્મથ્યની યથાર્થ જાણકારી. (વચ.સા.૧ મુજબ દર્શનમાં સુખ. વચ.અમ.૭ મુજબ ભગવાનનું સાર્મથ્ય, કર્તાપણું) આવા ભગવાન મારા ઈષ્ટદેવ હું તેમનાં દર્શન કરું છું આવી મહિમાની ગેડ બેસે પછી વૃત્તિ

જોડાઈ જ જાય. (૬) પ્રીતિ - આસક્તિ : ભગવાનના દર્શનની આસક્તિ કેળવવી જોઈએ. મહેળાવમાં સ્વામીશ્રીને તાવ, ઠંડી લાગતી હોવા છતાં સ્વામીશ્રીએ ભગવાનનાં દર્શન બાદ જ પાણી પણ પીવાનો આગ્રહ - દર્શને તો જવું જ જોઈએ ને ! સંતોની વિનંતી છતાં સ્વામીશ્રી દર્શન કરવા ગયા જ. સ્વામીશ્રી શ્રીહરિમાં મહિમાપૂર્વક અત્યંત આસક્ત - સત્પુરુષમાં દૃઢ પ્રીતિથી જ આત્મદર્શન અને પરમાત્માનાં દર્શનની સિદ્ધિ (વચ. વર.૧૧) માટે પ્રીતિ વધે તે ઉપાય કરવો. (૭) અભ્યાસ : જીવ તો બધા સારા જ છે પણ અખંડ ચિંતવન થતું નથી તેનું કારણ અભ્યાસ નથી. દેહની સર્વે ક્રિયા કરતાં પણ મૂર્તિને અખંડ સંભારવાની વાત - નિયમિત દર્શન, નિયમિત ચિંતન, અભ્યાસથી ચમત્કાર. (ગ.પ્ર.૨૨, ૨૩) કૂવાના કાંઠા પર નરમ દોરડી કઠણ પથ્થર પર પણ કાપા પાડે છે. કરેલાં દર્શન ચિંતવવાનો નિત્ય અભ્યાસથી અવશ્ય અખંડ ચિંતવન. (વચ.ગ.મ.૩૩) (૮) દૃષ્ટિ પલટાવવાની રીત : મૂર્તિને અંતરમાં ઉતારવા માટે દર્શન કરતાં કરતાં જ દૃષ્ટિને પલટાવવી જોઈએ. ધર્મપુરનાં રાણી કુશળકુંવરબાનું દૃષ્ટાંત : દર્શન કરતી વખતે આંખો બંધ કરીને મૂર્તિને અંતરમાં જોવી. મન બીજો વિચાર ન કરે તે જોવું. ભગવાન કે સંતના સર્વાંગ દર્શન કરવાં. ત્યારબાદ અંગોઅંગના દર્શન - ત્યારબાદ ચિંતવન કરવું કે કેટલી સ્મૃતિ રહી ? અંગોઅંગના દર્શન કર્યા કરવાં. અલગ અલગ રીતે તેને દૃષ્ટિ પલટાવી કહેવાય. આ રીતે દર્શન તો આપણી કાયમી મૂડી. સ્વામીશ્રીને આપણે આ રીતે દર્શન કરતા જોયા છે. (૯) ઉપસંહાર : આપણે પણ ભગવાન કે ગુરુહરિની મૂર્તિનાં દર્શન કરતી વખતે મને સહિત દર્શન કરવાં તો તે નિત્ય નવીન રહેશે. કદિ નહિ વિસરાય.

૩. **શાંતિનો રાજમાર્ગ : કર્તાપણાનો વિચાર :** (૧) વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ શાંતિ ઇચ્છે છે પરંતુ પ્રશ્ન એ છે કે તેને શાંતિ મળે છે ખરી ? (૨) કદાચ જુદા જુદા પદાર્થો, ભૌતિક, ચીજ-વસ્તુઓ કે મનોરંજનના સાધનોથી શાંતિ મળતી હશે પરંતુ તે શાંતિ શાશ્વત હોતી નથી. આધ્યાત્મિક માર્ગે પણ અનેક સાધનો દ્વારા શાંતિ મેળવવાના પ્રયાસો - ધ્યાન, દાન, તપ, યોગ, જપ વગેરે આ સાધનોથી અલબત્ત શાંતિ તો મળે જ છે પરંતુ તે શાંતિમાં સમૃદ્ધિ હશે પણ સુખ તો નથી જ. (રાજા-મહારાજાઓનાં, ધનિકો, ઉદ્યોગપતિઓનાં પ્રસંગો લખી શકાય) (૩) તેથી જ, શાશ્વત શાંતિ મળે તો જ સુખ, સમૃદ્ધિની સાથે સાથે ભક્તિ કરવાનું પણ સુખ આવે - શાશ્વત શાંતિથી લાભ પણ શાશ્વત થાય - શાશ્વત સુખ મળે. (મોટા પુરુષોના, સંતોના પ્રસંગો લખી શકાય.) (૪) આવી શાશ્વત શાંતિ માટેનો એક સુગમ માર્ગ - રાજમાર્ગ છે, ભગવાનના કર્તાપણાનો વિચાર. પોતાના ઇષ્ટદેવ અને પ્રગટ સંત (ગુરુહરિ)ના કર્તાપણાનો વિચાર દૃઢ રાખવાથી શાંતિ મળે - કારણ જીવનમાં સુખ-દુ:ખ તો આવે જ પરંતુ ભગવાન કર્તા-હર્તા છે તેવી દૃઢતા હોય તો મન સ્થિર રહે - દુ:ખ ભોગવવાનું બળ મળે અને સુખમાં અભિમાન ન આવે. (પ્રસંગો લખવા) - ગમે તેવા માન-અપમાનનાં પ્રસંગોમાં સ્થિરતા રહે. (પ્રસંગો લખવા) શ્લોક, સાખી, વચનામૃત, સ્વામીની વાતુ તેમજ કીર્તનો લખી શકાય. (૫) ઇષ્ટદેવ અને તેમના અખંડ ધારક સંત જે કરે છે તે સારું જ કરે છે તેવી કર્તાપણાની સમજણ હોય તો કોઈ દેવી-દેવતાનો ભાર ન રહે, ડર ન રહે અને નિશંક થઈને, નિશ્ચિંત થઈને શાંતિથી ભગવાનની ભક્તિ થઈ શકે. (પ્રસંગો લખવા) (૬) કર્તાપણાની સમજણથી, વિચારથી આપણું આત્યંતિક કલ્યાણ નિશ્ચિત છે તેવી શ્રદ્ધાથી જીવનમાં સરળતા - જેમ રાજમાર્ગ પર વાહનો અંતરાય વિના સરળતાથી દોડે તેમ આપણું જીવન પણ શાંતિના રાજમાર્ગ પર સરળતાથી વહે અને શાશ્વત શાંતિ, શાશ્વત સુખ મળે. તેથી જ કર્તાપણાનો વિચારને શાંતિનો રાજમાર્ગ કહ્યો છે. (૭) ઉપસંહાર.

❑ ❑ ❑